Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# આર્થિક સુધારક તરીકે ગાંધીજીનું કાર્ય

**દિપ્તી જિતેન્દ્રકુમાર પ્રજાપતિ**

મદદનીશ પ્રાધ્યાપક, ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદ,ઈ-મેઇલ-

prajapatidipti21@gmail.com

*ટૂંકસાર: ગાંધીજી અંગેના આર્થિક વિચારો આજે સાંપ્રત સમયમાં ખૂબજ અગત્યના છે. આજે રાજય દ્વારા સમાજ કલ્યાણના માર્ગે દેશનો વિકાસ થઈ રહ્યો છે ત્યારે ગાંધીના વિચારો એક પ્રેરણા પૂરી પાડે છે. અર્થશાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ સમાજનું મહત્તમ કલ્યાણ કરવાનો છે. આ કલ્યાણ ઉદ્દેશને સિધ્ધ કરવા ગાંધીવાદી આર્થિક વિચારણા અર્થતંત્રને વેગ આપે છે.ઉત્પાદન,વપરાશ અને વહેંચણી આ ત્રણ સિદ્ધાંત પર અર્થશાસ્ત્ર રચાયેલું છે. સ્વરાજ,ખાદી અને ગ્રામોદ્યોગ,સ્વદેશી ભાવના,વિકેન્દ્રીકરણ,સર્વોદયનો ખ્યાલ તેમજ વાલીપણાનો સિદ્ધાંત વગેરે જેવા વિષયો પર ગાંધીજીના વિચારો સાંપ્રત સમયમાં ખૂબ જ અગત્યના છે,21 મ સદીમાં ભારત સમક્ષ ઘણી આર્થિક સમસ્યાઓ જેવીકે ગરીબી, બેરોજગારી,આવકનીઅસમાનતા, સત્તાનું કેન્દ્રીકરણ,પર્યાવરણીય સમસ્યાઓ વગેરે માટે ગાંધીજીના વિચારો એક પ્રેરકબળ પૂરું પાડે છે.*

પ્રસ્તાવના :'મારું જીવન એજ મારો સંદેશ છે.' આવા ઉચ્ચ વિચારો ધરાવતા મહાત્મા ગાંધી કે જેઓ એ સત્ય અને અહિંસાના અજોડ હથિયારનો ઉપયોગ કરી ભારતને સ્વતંત્રતા અપાવી. આ મળેલ સ્વતંત્રતાથી ભારતના ભાવીને ઘડવાની જવાબદારી આપણા સૌની છે. મહાત્મા ગાંધીના આર્થિક, રાજકીય, સામાજિક, બુનિયાદી શિક્ષણ અંગેના વિચારો ઉત્કૃષ્ઠ છે. મહાત્મા ગાંધી એ જે આર્થિક વિચારો રજૂ કર્યા તે ખ્યાલના સ્વરૂપે છે, શાસ્ત્રના સ્વરૂપે નહીં. ગાંધી ક્યારેય અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર વચ્ચે ભેદ પાડતા જ ન હતા. મારા સ્વપ્નનું ભારત પુસ્તકમાં આર.કે.પ્રભુ ગાંધીજીના શબ્દોમાં જ જણાવે છે કે 'મારે કબૂલ કરવું જોઈએ કે અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર વચ્ચે હું ભેદ પાડતો નથી. જેમ બધુ સાચું નીતિશાસ્ત્ર તેના નામ પ્રમાણે સારું અર્થશાસ્ત્ર પણ હોવું જોઈએ તેમ સાચું અર્થશાસ્ત્ર ઊંચામાં ઊંચા નૈતિક ધોરણને વિરોધી ન હોય.' આમ ગાંધીજીના આર્થિક વિચારો એ સમાજના નૈતિક મૂલ્ય પર આધારિત છે.

ગાંધીજીના જીવન અને વિચારો પર જોહ્ન રસ્કિન, લીઓ ટૉલ્સ્ટૉય, સ્વામી વિવેકાનંદ, ગોપાલકૃષ્ણ ગોખલે, શ્રીમદ રાજચંદ્ર, ડેવિડ થોરો, ભગવાન બુધ્ધ, ઇસુ ખ્રિસ્ત જેવા મહાપુરુષો તથા શ્રીમદ ભાગવત ગીતા, મહાભારત અને રામાયણ જેવા ધર્મગ્રંથોનો પ્રભાવ જોવા મળે છે.જોહ્ન રસ્કિનના 'અન ટુ ધ લાસ્ટ' પુસ્તકમાંથી આધુનિક અર્થશાસ્ત્ર અંગેના સર્વોદય, ટ્રસ્ટીશીપ, માલિક-મજદૂરના સબંધો તથા શ્રમભાવના જેવા વિચારોની ગાંધીજી પર અનોખી અસર થઈ હતી. ટૉલ્સ્ટૉયના 'WHAT NEXT SHALL WE DO THEN TO THE LABOURERS EVEN THE FOOL'પુસ્તકથી પ્રભાવિત થઈ ગાંધીજી એ

ગરીબી,શોષણ તથા અસમાનતા નાબૂદી માટે ઉત્પાદનના સાધનો પર ખાનગી નિરાકરણનો ખ્યાલ મેળવ્યો હતો. (કુરેશી,મે 2017) અમેરિકન ચિંતક થોરોની પ્રબળ અસર ગાંધીજી પર પડી. જેમાંથી તેમણે 'સાદું જીવન અને ઉચ્ચ વિચારો' નો ખ્યાલ મેળવ્યો હતો. તેમણે બાળપણમાં જોયેલા નાટક 'સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર' પરથી જીવનના સત્યને મહત્વ આપ્યું અને સત્યાગ્રહી થયા. આમ ગાંધીજીના જીવન તેમજ વિચારોમાં ઘણા તત્વચિંતકોનો મહત્વનો ફાળો રહેલો છે.

માનવજીવન અને વ્યક્તિની આર્થિક પ્રવુત્તિઓ જેવી કે અર્થવ્યવસ્થાનું સંચાલન,ઉત્પાદન,રોજગારી,બેકિંગ માળખું,વિનિમય,આવક વહેંચણી,નાણું,પર્યાવરણીય સમસ્યાઓનો ઉકેલ વગેરે સંદર્ભોમાં રજૂ કરવામાં આવેલા વિચારોને આર્થિક વિચારો કહેવામાં આવે છે.એડમ સ્મિથ,કાલમાર્ક્સ,પ્રો. માર્શલ,જહોન કેઈન્સ,સેમ્યુલસન,રોબિનસન્સ અને કૌટિલ્ય વગેરેના આર્થિક વિચારો અર્થતંત્ર માટે મહત્વના છે. જેમ કે એડમ સ્મિથના "welth of nations"માં ઉત્પાદન,વહેંચણી,વપરાશ અને વિનિમય અંગેના આર્થિક વિચારો,રૉબિન્સસના અછત પસંદગીના આર્થિક વિચારો 1930ની વિશ્વ મહામંદીના સંદર્ભે પ્રો. કેઈન્સના આવક અને રોજગારીના આર્થિક વિચારો,અમર્ત્યસેનના ગરીબો અંગેના વિચારો વગેરે અર્થતંત્રને દિશા આપવા માટે મદદરૂપ થાય છે. તે જ રીતે ગાંધીજી અંગેના આર્થિક વિચારો એટલાજ મહત્વના છે. આજે રાજય સમાજ કલ્યાણના માર્ગે દેશનો વિકાસ થઈ રહ્યો છે ત્યારે ગાંધીના વિચારો એક પ્રેરણા પૂરી પાડે છે. અર્થશાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ સમાજનું મહત્તમ કલ્યાણ કરવાનો છે. આ કલ્યાણ ઉદ્દેશને સિધ્ધ કરવા ગાંધીવાદી આર્થિક વિચારણા અર્થતંત્રને વેગ આપે છે.

ગાંધીજીના આર્થિક વિચારો:-

ઉત્પાદન,વપરાશ અને વહેંચણી. આ ત્રણ સિદ્ધાંત પર અર્થશાસ્ત્ર રચાયેલું છે. સ્વરાજ,ખાદી અને ગ્રામોદ્યોગ,સ્વદેશી ભાવના,વિકેન્દ્રીકરણ,બેરોજગારી ઘટાડવા સર્વોદયનો ખ્યાલ તેમજ વાલીપણાનો સિદ્ધાંત વગેરે જેવા વિષયો પર ગાંધીજીના વિચારો સાંપ્રદ સમયમાં ખૂબ જ અગત્યના છે

1). ટ્રસ્ટીશીપનો સિધ્ધાંત:- ગાંધીજી એ ગરીબ અને ધનિક વચ્ચેની અસમાનતા દૂર કરવા માટે ટ્રસ્ટીશીપનો સિધ્ધાંત આપ્યો. તેમના મતે મૂડીવાદીઓ એ મૂડીના માલિક નથી તેઓ મૂડીના ટ્રસ્ટી કે વાલી છે અને તેઓ એ પોતાની મિલકતનો સમાજના હિતમાં ઉપયોગ કરવો જોઈએ. વ્યક્તિ એ તેની જરૂરિયાત પ્રમાણેની મિલકતનો ઉપયોગ કરી બાકી મિલકતનો સમાજના લાભ માટે ઉપયોગ કરવો જોઈએ.

2). યંત્રો અંગે:- જે યંત્રો લોકોની રોજગારી છીનવી લે તેવા યંત્રોના ગાંધીજી સખત વિરોધી હતા. યંત્રોનો વધુ પડતો ઉપયોગ લોકોની ગરીબીમાં વધારો કરે છે. ગાંધીજી માનતા કે યંત્રોનો ઉપયોગ મનુષ્યની જરૂરિયાત પૂર્ણ કરવા માટે હોવો જોઈએ નહીં કે તેમના આત્મબળને છીનવી લેવા માટે. યંત્રોનો મર્યાદિત ઉપયોગ કરી

વ્યક્તિએ સ્વનિર્ભર બનવું જોઈએ કારણ કે યંત્રો વ્યક્તિને આળસુ બનાવે છે. જે યંત્રોના ઉપયોગથી ગ્રામોદ્યોગો પડી ભાંગે તેવા યંત્રોનું અસ્તિત્વ ન હોવું જોઈએ. તેમના મત મુજબ જે યંત્રો હજારો લોકોને બેરોજગાર બનાવે તેવા યંત્રોની દેશને જરૂર નથી. યંત્રોથી સંપત્તિનું કેન્દ્રીકરણ થાય છે.

3)સર્વોદય:- "સર્વોદય એટલે સર્વનો ઉદય થવો." ગાંધીજી એ હિંસાથી મુક્ત સમાજવાદની કલ્પના કરી હતી જેમાં નિરાધાર અને દિનહીન સર્વેનો ઉદય થાય તે માટે તેમણે 'સર્વોદય' નામ આપ્યું. 'ગાંધી જેવા જોયા જાણ્યા વિનોબા એ' પુસ્તકમાં કાંતિ શાહ જણાવે છે કે આજનો જમાનો સર્વેના ઉદયનો ને સર્વેના સહયોગનો. આજના સમયના પ્રશ્નોનું સમાધાન સમાજવાદ, સામ્યવાદ,મૂડીવાદ અને કલ્યાણરાજવાદ જેવા કોઈ વાદમાં નથી પણ સર્વોદયમાં જ શક્ય છે.

4). વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા:- ગાંધીજી એ ભારત માટે વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાની ભલામણ કરી છે. વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા એટલે આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થોડાક લોકોના હાથમાં થવાને બદલે તેની વહેંચણી વિશાળ સમુદાય વચ્ચે થવી જોઈએ. ગાંધીજીના મત મુજબ આર્થિક સંપત્તિ સમાજના અમુક વર્ગો વચ્ચે કેન્દ્રિત ન હોવી જોઈએ. ગ્રામ્ય વિસ્તારોને પણ તેનો સમાન ધોરણે લાભ મળવો જોઈએ. ગામડાઓ સમૃધ્ધ હશે તો દેશ પણ સમૃધ્ધ થશે.

5). શ્રમનું ગૌરવ:- ગાંધીજી શ્રમના હિમાયતી હતા. તેઓ માનતા કે સમાજનો દરેક વ્યક્તિ શ્રમની મદદથી પોતાની જરૂરીયાતો પૂર્ણ કરી શકે તેટલો સ્વનિર્ભર હોવો જોઈએ. શ્રમ કરનાર દરેક વ્યક્તિને કરેલ શ્રમના પ્રમાણમાં યોગ્ય વેતન મળવું જોઈએ જેથી તે સમાજમાં સ્વમાનભેર જીવી શકે. હાલના યાંત્રિકીકરણના સમયમાં શ્રમનું મહત્વ ભૂલાતું જાય છે. ગાંધીજી શ્રમના ભોગે યાંત્રિકીકરણના વિરોધી હતા.

6)પૂર્ણ રોજગારી:- પૂર્ણ રોજગારી એટલે "બેરોજગારીના અભાવની પરિસ્થિતિ." ગાંધીજી એવું કહેતા કે જેમ વ્યક્તિને જીવન જીવવાનો અધિકાર છે તેમ તેણે પ્રાથમિક જરૂરિયાત સંતોષવા માટે રોજગારી મેળવવાનો પણ હક છે. વ્યક્તિ ખેતી,પશુપાલન,ખાદી તેમજ સ્વાવલંબનથી પૂર્ણ રોજગારી મેળવી શકે છે.

7).ખાદી અને ગ્રામોદ્યોગ:- 'મારા સ્વપ્નનું ભારત' પુસ્તકમાં આર.કે.પ્રભુ. જણાવે છે કે ખાદી એ હિન્દુસ્તાનની આખી વસ્તી એકતાનું અને તેની આર્થિક સ્વતંત્રતા અને સમાનતાનું પ્રતિક છે. વળી ખાદી માનસનો અર્થ થાય છે જીવનની જરૂરિયાતોની પેદાશ તેમજ વહેંચણીનો વિકેન્દ્રીકરણ. ગાંધીના મતે ખાદી એ આવક પ્રાપ્તિનું સાધન જ નહીં પણ ખાદી એ એક વિચાર હતો જેમાં સ્વદેશીપણું,સ્વનિર્ભરતા અને એકતાનું પ્રતિક હતું. ગ્રામોદ્યોગો ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારી પૂરી પાડતા હોવાથી ગ્રામોદ્યોગોને વધુ વેગ મળે તેની ગાંધીજી હિમાયત કરતાં.

8).અહિંસક અર્થવ્યવસ્થા: ગાંધીજી માનતા કે સાચી અર્થવ્યવસ્થા એટલે કે જેમાં કોઈનું શોષણ ન થાય અર્થાત હિંસા ન થાય. દરેક વ્યક્તિને તેની જરૂરિયાત પ્રમાણે બધુ જ મળી રહે ત્યારે અહિંસક અર્થવ્યવસ્થા

ઉદ્દભવી શકે. શ્રમિકોને અન્યાય ન થાય તેઓનો શ્રમ જીવંત રહે તે માટે અહિંસક અર્થવ્યવસ્થા જરૂરી છે.

9)સાદું જીવન અને ઉચ્ચ વિચાર : ગાંધીજી માનતા કે દરેક વ્યક્તિને તેની જરૂરિયાત પ્રમાણે મળી રહે તેટલુજ રાખવું જોઈએ. જરૂરીયાતો પર અંકુશ જરૂરી છે. તેઓ માનતા કે જરૂરીયાતો મર્યાદિત રાખવાથી સાચું સુખ મળી રહે. સાદું જીવન અને ઉચ્ચ વિઈએ ચારોમાં માનતા હતા.સાદગીપૂર્ણ જીવન દ્વારા સાચા સુખને પ્રાપ્ત કરી શકીએ.

10)સ્વદેશનીયતા:સ્વદેશી આપણામાં રહેલી એ ભાવના છે કે જે આપણને આપણી પરિસ્થિતિનો ઉપયોગ કરવા અને તેની સેવા કરવા તથા દૂરની પરિસ્થિતિનો ત્યાગ કરવા પ્રેરે છે.આપણે આર્થિક અને ઔધોગિક જીવનમાં સ્વદેશીનો ત્યાગ કરવાથી દેશને હાનિ પહોંચે છે(પ્રભુ,2013). સ્વદેશનીયતા દેશને પરાધીન થતો અટકાવે છે. ગાંધીજી ગરીબી દૂર કરવા ,સ્વનિર્ભરતા માટે,સ્વદેશ ભાવના જાગ્રત કરવા માટે સ્વદેશનીયતા અગત્યની છે.

ગાંધીજીના આર્થિક વિચારો ઉપરાંત આર્થિક સમાનતા,ગ્રામસ્વરાજ,સ્ત્રીઓનો દરજ્જો ,માતૃભાષાને મહત્વ , કેળવણી અંગેના વિચારો, ગોરક્ષા, ગ્રામસેવા, શહેરોની સ્વરચ્છતા વગેરે જેવી બાબતો પણ તેમના વિચારોમાં રજૂ કરેલ છે.

ગાંધીજીના આર્થિક વિચારો અને સાંપ્રત પ્રવાહો :

ગાંધીજીના આર્થિક વિચારોનો આધાર લઈ કુમારપ્પા,નરહરી પરીખ,વિઠ્ઠલ દાસ કોઠારી,જે. એસ.માથુર,કિશોરલાલ મશરૂમવાલા,એસ. એન.ઝા વગેરે એ ગાંધી પછી પણ તેના આર્થિક વિચારોને પ્રવર્તમાન પરિસ્થિતિને અનુકૂળ રીતે રજૂ કરેલ છે.(કુરેશી,મે 2017)ઘણા અર્થશાસ્ત્રીઓએ ગાંધીજીના વિચારનો આધાર લઈને વિશ્વ માટે નવી આર્થિક પધ્ધતિની તરફેણ કરી રહ્યા છે.21 મી સદીમાં ભારત સમક્ષ ઘણી આર્થિક સમસ્યાઓ જેવીકે ગરીબી, બેરોજગારી, આવકનીઅસમાનતા, સત્તાનું કેન્દ્રીકરણ,પર્યાવરણીય સમસ્યાઓ વગેરે માટે ગાંધીજીના વિચારો એક પ્રેરકબળ પૂરું પાડે છે. ભારતજેવા દેશમાં જયાં શ્રમનો અમર્યાદિત પુરવઠો હોય ત્યાં ગ્રામ્યઉધોગો દ્વારા બેરોજગારીને ઘટાડી શકાય. ગાંધી એવું માનતા કે ગ્રામઉધોગો નાશ થશે તો ગામડાઓ નાશ થશે.તે માટે ગ્રામઉધોગોને જીવંત રાખવા અગત્યના છે.તેનાથી ગ્રામઉધોગોને પૂરક રોજગારી મળી શકશે અને શહેરીકરણને ઓછું કરી શક્યા છે. સર્વોદયના ખ્યાલ થી સર્વના ઉદયની સાથે સાથે દેશનો વિકાસ કરી શકાય. ટ્રસ્ટીશીપના વિચારોથી આવકની અસમાનતા ઘટાડી શકાય અને ગરીબીમાં ઘટાડો કરી શકાય. ભારત જેવા દેશમાં જયાં 60 થી 70%લોકો ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. ત્યાં સ્વદેશનીયતા દ્વારા સ્વાવલંબી બની શકાય. ગાંધીજીના સ્વચ્છતા અંગેના વિચારોથી ગ્રામ્ય અને શહેરી વસ્તીમાં ગંદકી દૂર કરી સારું આરોગ્ય મેળવી શકાયકેમ કે સારા આરોગ્ય સાથે ઉત્પાદનના કામના સંભવિત માનવ કલાકો વધે છે. શ્રમિકોની ઉત્પાદકતામાં

વધારો,માનવ વસવાટ અને વસાહતોના વિકાસ થાય,નવપ્રસ્થાન અને ટેક્નોલોજીકલ પ્રગતિ અંગેના માનવ વલણોમાં પરિવર્તન આવે છે.સ્ત્રી શિક્ષણમાં વધારો કરવાથી જીવનધોરણમાં વધારો કરી શકાય છે. આમ ગાંધીજીના આર્થિક વિચારો સાંપ્રત સમયમાં ખુબજ અગત્યના છેતેનાથી દેશ આર્થિક રીતે મજબૂત બની શકે છે.

સંદર્ભ સૂચિ :

1) ગાંધીજીના આર્થિક વિચારના પ્રેરણા મૂર્તિઓ અને વિચારકો-Jornal of social science-ISSN 2279-0241

Continuous issue 26 APRIL-MAY 2017.

2) આર. કે.પ્રભુ (2013)મારા સ્વપ્નનું ભારત,નવજીવન પ્રકાશન,અમદાવાદ.

3) કાંતિ શાહ (2009)ગાંધી જેવા જોયા જાણ્યા –વિનોબાએ,યજ્ઞ પ્રકાશન.

4) ગાંધી મોહનદાસ કરમચંદ(1992)હિન્દ સ્વરાજ નવજીવન પ્રકાશન,અમદાવાદ.